

## મેઘરજમાં ગંદકીના પગલે રોગચાળો ફાટી નીકળવાની દહેશત

મેઘરજના ઈન્દીરાનગર પંચાલરોડ ભાથીજી મંદિર પાસે મકાનો તેમજ દુકાનો આવેલી છે અને જાહેર રસ્તો પણ છે. જ્યાં ગટર તુટી જવાથી ગંદુ પાણી ભરાય છે. જેથી ત્યાંના રહીશો અને દુકાનદારો ગટરમાંથી બહાર નીકળતા ગંદા પાણીથી કંટાળી ગયા છે. જો તંત્ર દ્વારા સત્વરે આ ગટરના પાણીથી થતી ગંદકી અટકાવવામાં નહીં આવે તો મેઘરજમાં ભયંકર રોગચાળો ફાટી નીકળે તેમ છે. સ્થાનીક રહીશોએ તાલુકા પંચાયત મેઘરજ તેમજ જિલ્લા આરોગ્ય અધિકારી અને ગ્રામ પંચાયત મેઘરજને લેખીતમાં જાણ કરી છે.

# ત્રણ કિસ્સામાં મહિલાઓએ જ ચોટલી કાપી : ગૃહપ્રધાન

## સીઆઇડી ક્રાઇમ દ્વારા ચોટીકાંડની ઘટનાની તપાસ તેજ બનાવાઇ : શહેરમાં બે દિવસમાં ચોટીકાંડના ચાર કિસ્સા

ગાંધીનગર,તા. ૧૩

અમદાવાદ શહેર સહિત સમગ્ર રાજયભરમાં ચકચાર જગાવનાર ચોટીકાંડમાં સીઆઈડી ક્રાઈમની તપાસ બાદ હવે ચોટીકાંડ માનવસર્જિત હોવાના પુરાવા સામે આવી રહ્યા છે. ત્રણ કિસ્સાઓમાં ખુદ મહિલાઓએ જાતે જ તેમની ચોટલી કાપી હોવાનું સાબિત થયું હોવાનું નિવેદન આજે ગૃહ રાજયપ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ કર્યું હતું. તેમણે ઉમેર્યું કે, ચોટીકાંડ મામલે સીઆઈડી ક્રાઈમની તપાસ તેજ અને વેગવંતી બનાવાઈ છે. જો કે, મહિલાઓ અને બહેનોએ ગભરાવાની કોઈ જરૂર નથી. બનાસકાંઠાના ભાભર ગામે કિશોરીના કપાયેલા વાળ અને તેના માથાના વાળ અલગ-અલગ હોવાનો ઘટસ્ફોટ સામે આવ્યો હતો. સુરતના કિમ વિસ્તારમાં પણ એસઓજીની તપાસમાં મહિલાએ તેના દાંત વડે જ વાળ કાપ્યા હોવાનું પણ તપાસમાં ફલિત થયું હતુ. આમ, ચોટીકાંડ એ માનવસર્જીત હોવાની વાતને આધાર પુરાવા મળી રહ્યા છે. જો કે, તેમછતાં સીઆઈડી ક્રાઈમે તેની સઘન અને ઝીણવટભરી તપાસ ચાલુ રાખી છે. અમદાવાદમાં છેલ્લા બે દિવસમાં ચોટીકાંડની ચાર ઘટનાઓ પ્રકાશમાં આવી છે. જેમાં ગઈકાલે નારોલ, ગોમતીપુર અને શીલજમાં મહિલાઓની ચોટલી કપાયા બાદ આજે ફરી શીલજમાં એક મહિલાની ચોટલી કપાઈ હતી. સીઆઈડી ક્રાઈમની તપાસ ટીમે આ ઘટનાઓની પણ તપાસ હાથ ધરી છે. બીજીબાજુ, અમદાવાદમાં ઉત્તર ભારતીય અને પછાત-ગરીબ મહિલાઓને ચોટીકાંડનો ભોગ બનાવાઈ રહી હોવાની અફવાએ જોર પકડયું છે. તો કેટલાય લોકો અંધશ્રધ્ધામાં ચોટીકાંડથી બચવા નીતનવા નુસખા અને પેંતરા અજમાવી રહ્યા છે. જેમાં અમદાવાદના શાહવાડી વિસ્તારમાં લોકોના ઘરની બહાર કંકુ-મહેંદીના થાપા મરાઈ રહ્યા છે કે જેથી કોઈ ખરાબ શકિત ઘરમાં પ્રવેશ ના કરી શકે. તો, વળી, કેટલીક મહિલાઓ માથાના વાળમાં લીંબુ-મરચા લટકાવીને ફરી રહી હોવાનું સામે આવ્યું હતું. ગઈકાલે અંકલેશ્વરમાં પણ લોકો તેમના ઘરની બહાર લીમડાના તોરણ અને લીંબુ-મરચા લટકાવતા હોવાના કિસ્સા સામે આવ્યા છે. આમ, લોકો ચોટીકાંડને લઈ અંધશ્રધ્ધાનો પણ શિકાર બની રહ્યા છે.

### ચોટીકાંડ ઘણા શખ્સોનું તરકટ જ છે : સીઆઇડી

સીઆઈડી ક્રાઈમના સૂત્રોએ જણાવ્યું હતું કે, ચોટીકાંડ એ વાસ્તવમાં કેટલાક શખ્સો દ્વારા ઉભુ કરાયેલુ તરકટ છે. ચોટીકાંડમાં સુરત, રાજકોટ, બનાસકાંઠા સહિતના વિસ્તારોના પાંચથી છ કેસો બોગસ હોવાનું સાબિત થયું છે. કેટલાક કિસ્સામાં મહિલા કે કિશોરીના વાળ કપાયેલા વાળથી અલગ હોવાનું પણ સામે આવ્યું છે. આમ, ચોટીકાંડથી લોકોનું ધ્યાન ખેંચવા અફવાઓ ફેલાવાઈ રહી છે. સીઆઈડી ક્રાઈમે તેની તપાસમાં એફએસએલની મદદ પણ લીધી છે.

# ખેડબ્રહ્મા તાલુકામાં સ્વાઈન ફ્લુના બે કેસ મળ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૩

સમગ્ર રાજ્ય ઠેર ઠેર સ્વાઈન ફ્લુના કેસ જોવા મળી રહ્યા છે. ત્યારે ખેડબ્રહ્મા તાલુકાના બે કેસ મળી આવતા સારવાર માટે હિંમતનગર રીફર કરવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના ચિખલા ગામના શમીબેન જશુભાઈ ઠાકોર (૩૫) તથા તેમના પતિ જસુભાઈ વિક્રમભાઈ ઠાકોર (૪૦)ને શરદી ઉધરસની તકલીફ જણાતા શુક્રવારના રોજ ખેડબ્રહ્મા જનરલ હોસપિટલ લાવવામાં આવેલ. જ્યાં પ્રાથમીક સારવાર કરી શંકાસ્પદ લાગતા હિંમતનગર જનરલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. હિંમતનગર જનરલ હોસ્પિટલના આરએમઓ ડૉ. પરીખે જણાવેલ કે ચિખલા ગામના બે કેસ પોઝેટીવ હોવાનુ જણાવ્યુ હતુ.

ખેડબ્રહ્મા ટીએચઓ ડૉ. ગોસ્વામીને પુછતા તેમણે જણાવેલ કે અમોને કોઈ જાણ કરવામાં આવેલ નથી.


# પીઢ પત્રકાર સ્વ. ભુવનેશ ઓઝાની આજે ગાંધીનગરમાં અંતિમયાત્રા

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગરના પીઢ પત્રકાર સ્વ.શ્રી ભુવનેશભાઈ ઓઝાનું ૬૪ વર્ષની વયે ૧૧ને શુક્રવારના રોજ હૃદયરોગનો હુમલો આવતા દુઃખદ અવસાન થયું હતું.

સ્વ. શ્રી શંકરલાલ દેવશંકર ઓઝા (પતરાળાવાળા, ભાવનગર)ના પુત્ર સ્વ. શ્રી ભૂવનેશભાઈ ઓઝા પોતાની પાછળ પત્ની માયાબહેન, પુત્ર ભાવીક અને પુત્રી પુર્વિ(બન્ને ઓસ્ટ્રેલિયા) તેમજ પુત્રવધુ સોનાલી તેમજ જમાઈ કેતનકુમાર અને પૌત્ર પૌત્રી પલાસ તથા વવાનાને પાતાની પાછળ વિલાપ કરતાં છોડી ગયા છે.

સ્વર્ગસ્થની અંતિમયાત્રા તા.૧૪/૦૮/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ઈ-૪૦૫, શિવાલય કુડાસણ રોડ, કાનમ ફ્લેટની સામે



તેમના નિવાસસ્થાનેથી નીકળશે.

સ્વર્ગસ્થનું બેસણું તા.૧૪/૦૮/૨૦૧૭ને સોમવારના રોજ સાંજના ૪ થી ૬ તેમના નિવાસ્થાન ગાંધીનગર ખાતે રાખેલ છે.

# પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ દ્વારા આયુવેર્દિક ઉકાળો પીવડાવવામાં આવ્યો

પ્રાંતિજ, તા. ૧૩

રાજયમાં વિવિધ જિલ્લાઓમાંથી સ્વાઈનફલુના



કેસો દિવસે ને દિવસે ઘટવાને બદલે વધારો થઈ રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાંથી પણ અત્યાર સુધીમાં ચાર કેસો મળી આવ્યાં છે. ત્યારે તંત્ર હજુ ઉંઘતુ છે ત્યારે જાયન્ટસ ગૃપ દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

પ્રાંતિજ ખાતે સ્વાઈનફલુને લઈને પ્રાંતિજવાસીઓમાં ડર જોવા મળી રહ્યો છે. ત્યારે બીજીબાજુ જેની જવાબદારી છે તે તંત્ર ચાર કેસ પ્રાંતિજમાંથી મળી આવ્યાં છતાં હાલ તો હજુ વધુ કેસો મળી આવે તેની રાહ જુએ છે ત્યારે પ્રાંતિજ ખાતે



સેવાકીય પ્રવૃતિ કરતું જાયન્ટસ ગૃપ દ્વારા કરોલ ખાતે આવેલ સરકારી આયોવિર્દિક દવાખાનાના સંયોગથી ડૉ. કલ્પેશ જોષી ગાયત્રી હોસ્પિટલ ખાતે આયોવેર્દિક ઉકાળો બનાવી પ્રાંતિજના સ્વામિનારાયણ સોસાયટી, દેસાઈની પોળ, હરિહરેશ્વર મહાદેવ મંદિર, બ્રહ્માણી મંદિર ચોક, પ્રજાપતિ વાસ સહિત વિવિધ વિસ્તારોમાં ટીમો બનાવી રહિશોને ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો અને હજુ બે દિવસમાં વિવિધ વિસ્તારોમાં રહીશોને ઉકાળો પીવડાવવામાં આવશે. જયારે ઉકાળો બનાવવા તથા શહેરના વિવિધ વિસ્તારોમાં જાયન્ટસ ગૃપના સ્થાપક ડૉ. એન.કે. ડેરિયા, સુનીલદાસજી મહારાજ, વજેસભાઈ ભાવસાર, પિયુષભાઈ શાહ, મિતેષભાઈ શાહ વગેરે જાયન્ટસ મેમ્બરો દ્વારા જહેમત ઉઠાવી હતી.

# પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા જરૂરીયાતમંદોને કાચું સીધું અપાયું

પ્રાંતિજ, તા. ૧૩

દાન આપવું એ સહેલું છે પણ ખરેખર જરૂરીયાત મંદો સુધી



પહોંચાડવું એ વધારે અઘરૂં છે ત્યારે પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા છેલ્લા બે વર્ષથી કોઈને મદદ કરવાના ઈરાદાથી દાન ઉઘરાવી જરૂરીયાતમંદોને પહોંચાડે છે.

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં બે વર્ષથી ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા પ્રાંતિજ સહિત તાલુકામાંથી દરેક સમાજના દાંતાઓ પાસેથી નાની મોટી રકમ એકઠી કરી ખરેખર જરૂરીયાતમંદોની યાદી બનાવી નાનીભાગોળ બહુચર માતાના મંદિર ચોકમાં કાચુ સીધાંની કિટ તૈયાર કરી ખરેખર જરૂરીયાતમંદોને દાંતાઓના હસ્તે આપવામાં આવે છે અને દાતાઓનુ ફુલહાર દ્વારા ક્ષત્રિય યુવક મંડળ દ્વારા સન્માન કરવામાં આવે છે. ત્યારે આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકા ઉપ પ્રમુખ પંકજભાઈ મોદી, નગરપાલિકા કારોબારી અધ્યક્ષ દિલીપભાઈ રાવલ, નગરપાલિકા કોર્પોરેટર મુકેશભાઈ સથવારા, વિનુભાઈ સથવારા સહિત દાતાઓ ઉપસ્થિત રહીને જરૂરીયાતમંદોને કાચું સીધાની કિટ પુરી પાડવામાં આવી હતી.

# ધનસુરા તાલુકાના વડાગામમાં શ્રાવણીયો જુગાર રમતા ૭ શકુનીઓ ઝડપાયા

ધનસુરા તાલુકાના વડાગામની સિમમાં આવેલ પ્રાથમિક શાળા પાસેની ખુલ્લી જગ્યામાં ગામના જ ૭ નબીરાઓ શ્રાવણ માસનો પત્તાનો જુગાર રમી રહ્યા હતા જે બાબતે ધનસુરા પીએસઆઈને બાતમી મળતા આ સ્થળ પર રેડ કરતા તીન પત્તી રમતા ગામના જ વેપારીઓ અને ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ૭ શકુનીઓ પોલીસના હાથે ઝડપાઈ જવા પામ્યા છે. આ શકુનીઓ પાસેથી મોટી માત્રામાં રકમ ઝડપાઈ હોવાની સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ છે પરંતુ ધનસુરા પીએસઆઈ ગઢવીએ માત્ર સવા પાંચ હજારની ફરિયાદ નોંધી સંતોષ માન્યો હતો. તેમાં ક્યાંક ને ક્યાંક પોલીસની કામગીરી શંકાસ્પદ હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

### ઝડપાયેલા નબીરાઓ

વેદાંત સુધીરકુમાર ગોર, રહે. વડાગામ, રોનક સુધીરભાઈ ગોર, રહે. વડાગામ, રાહુલ મનોજભાઈ શર્મા, રહે. વડાગામ, શૌનક જયેશભાઈ સોની, રહે. વડાગામ, મહેશ અરજણ દેસાઈ, રહે. વડાગામ, વનરાજસિંહ દશરથસિંહ રાઠોડ, રહે. વડાગામ, જયવીરસિંહ મહોબ્બતસિંહ સોલંકી, રહે. વડાગામ, સિદ્ધાર્થ પોપટભાઈ પટેલ, રહે. વડાગામ.

# ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા મહિલા બાંધકામ શ્રમયોગી સન્માન સમારંભ યોજાયો

રાજ્યમાં સ્ત્રી સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી અંતર્ગત વિવિધ મહિલાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતુ હોય છે. ત્યારે સી.ટી.એમ. ખાતે ગુજરાત મકાન,અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા મહિલા બાંધકામ શ્રમયોગી સન્માન સમારંભનું આયોજન કરવા આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી ડૉ. નિર્મલાબેન વાધવાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતુ કે, રાજયની અડધા ઉપરાંતની જનસંખ્યા મહિલાઓ અને બાળકોની છે ત્યારે રાજ્યની ૬૫૩ ઉપરાંતની વિવિધ પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓ પૈકીની ૮૬ યોજના મહીલા કલ્યાણને સમર્પિત છે. મંત્રીએ વધુમાં બાંધકામ શ્રમિક મહિલાઓને વહેલી સવારે ઉઠીને આખા પરિવારનું ભોજન બનાવવાની ઝંઝટમાંથી મુક્તિ અપાવતી ''શ્રમિક અન્નપૂર્ણા'' યોજનાને મહિલાઓની ચિંતા અને મહિલા સશક્તિકરણની દિશાનું જ એક ઉત્તમ પગલુ ગણાવીને કહ્યું હતુ કે, રાજ્ય સરકારે મહિલા સુરક્ષા અને મહિલા સક્ષમતા માટે અનેકવિધ પ્રયાસો પ્રતિબધ્ધતાપૂર્વક હાથ ધર્યા છે તેનો વ્યાપક લાભ મહિલાઓએ ઉઠાવવો જ જોઈએ.

ડૉ. અનિલ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના નોંધાયેલા બાંધકામ શ્રમિકોમાં ૪૮ ટકા જેટલું પ્રમાણ બાંધકામ શ્રમિક મહિલાઓનું છે. ત્યારે તેમના સશક્તિકરણની સાથે આરોગ્યની પણ ચિંતા સેવીને રૂ. ૭,૫૦૦ની પ્રસૂતિ સહાય તથા બાંધકામ મહિલા શ્રમિકો માટે વિશેષ આરોગ્ય નિદાન કેમ્પની ખાસ મહિલાલક્ષી યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા બાંધકામ બોર્ડના માધ્યમથી સફળતાપૂર્વક અમલી બનાવવામાં આવી છે.

### ભૂસ્ખલન... ● અનુસંધાન પહેલાનું ચાલું

કટડા-મનાલી રુટ પર જઈ રહેલી બસમાં ૭ પ્રવાસીઓમાંથી ૨ના મોત નીપજ્યા છે અને બસમાં એક બાળકી ફસાયાના અહેવાલ છે.

ચમ્બા-મનાલી રુટ પરની બસને નડેલા અકસ્માત બાદ આશંકા છે કે બસમાં મુસાફરી કરનારા તમામ પ્રવાસીઓના મોત નીપજ્યા છે. ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનની ઝપટમાં આવેલી બસ લગભગ એક કિલોમીટર નીચે ઘસડાઈ હતી. ભારે વરસાદ અને અંધારુ હોવાના કારણે વહીવટી તંત્રે રાહત અને બચાવ કાર્યને રાત્રે રોક્યું હતું. પરંતુ સવારે ફરીથી રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

મંડી પઠાનકોટ માર્ગ પર વાહનોનું આવાગમન મંડી અને જોગેન્દરનગર ખાતે રોકી દેવામાં આવ્યું છે. દુર્ઘટના બાદ વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. મંડી જિલ્લામાં એક ચાર માળની ઈમારત પણ ધ્વસ્ત થઈ છે. મંડીમાં હવામાન વિભાગ દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સતત વરસાદને કારણે હનોગી મંદિર અને તેની આસપાસના વિસ્તારોમાં શિલાઓ પડી રહી હતી. તેની સાથે નેશનલ હાઈવે-૨૧ પંડોહથી ઓટ સુધીના પહાડી વિસ્તારમાં ભૂસ્ખલનની સંભાવનાને જોતા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેથી અહીં સડક પર વાહનો ઉભા નહીં રાખવાની અને સાવચેતીપૂર્વક મુસાફરી કરવાની સલાહ આપવામાં આવી છે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

પરંતુ કલમ ૧૬, ૩૨(૩), ૩૩ અને ૩૪ મુજબ જ સંસદ કાર્યવાહી કરી શકે છે. કલમ ૩૫ ને સુધારવાનો અધિકાર સંસદને નથી પરંતુ બંધારણની કલમ ૩૭૨ થી અનુકુળ સુધારા કરવા હક્ક, અધિકાર બક્ષેલ છે જેનો ઉપયોગ કરી શકે છે.

કલમ ૩૫ માં જ્યાં સંવિધાનમાં મૂળભૂત હક્કોના રક્ષણ માટે કાયદો ઘડવાની તેમજ તેના ભંગ માટે કાયદો ઘડવાની તેમજ તેના ભંગ માટે શિક્ષાત્મક કાયદો ઘડવાની જોગવાઈ કરી હોય તો તે કાયદો ઘડવાની સત્તા માત્ર સંસદને જ રહેશે.

હવે મહિલાઓના મૂળભૂત અધિકારો તથા વારસા ધારાના રક્ષણ માટે આ કલમમાં ફેરફાર કરવો હાલમાં જરૂરી છે તેમજ કાશ્મીરની હાલની પરિસ્થિતિ મુજબ પણ સ્થાનિક નાગરિકોનું સંખ્યાબળ સપ્રમાણ કરવા માટે બહારના નાગરિકોને મીલ્કત ખરીદવાના હક્કો, અધિકારો આપવા જરૂરી છે જેથી અલગતાવાદ, આંતકવાદનું જોર ઘટે અને કાશ્મીરના નાગરિકોની ભારત મહા સંઘ સાથે જોડવાની માંગણી પ્રબળ કરે એક કાંકરે બે પક્ષી મારવાનો આખો કારસો છે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

કરવાના ખ્યાલ સાથે જ વરવા ગુજરાતી એચ. ટી. પારેખ (ICICI અને HDFCના સંસ્થાપક) થકી રજૂ થયેલું મૉડેલ હતું.રાજકીય શાસકોના અંગત રાગદ્વેષને બાજુએ સારીને પ્રત્યેક દેશના વિશાળ હિતમાં અને સહિયારા હિતમાં 'સાર્ક' સક્રિય રહે એ અનિવાર્ય છે. મહર્ષિ અરવિંદ કે શ્રી ગુરુજીને અભિપ્રેત ભારત-પાકિસ્તાન અને ૧૯૭૧ પછીના બાંગલાદેશનો વિલય ભારતમાં થાય એ શક્યતા અત્યારે બહુ સફળતાને વરે એવું લાગતું નથી, છતાં યુરોપિયન યુનિયનની કલ્પનાને અનુરૂપ પ્રત્યેક દેશની આગવી ઓળખ અને તંત્ર જળવાઈ રહે છતાં સાથે મળીને કામ કરી શકાય એવું અશક્ય નથી. ક્યારેક ભારતના એ ભાગલા ધાર્મિક મુદ્દે થયા હતા. કાયદેઆઝમ મોહમ્મદ અલી ઝીણાને મુસ્લિમો માટે અલાયદું પાકિસ્તાન જોઈતું હતું. હિંદુ અને મુસ્લિમ વિવાદ એ થોડોક આળો મુદ્દો પણ રહ્યો છે. એટલે એકંદરે ત્રણેય દેશનો ભારતમાં વિલય અશક્ય લાગે તો પણ યુરોપિયન યુનિયનનું મોડેલ અહીં માફક આવે એવું બની શકે.

અમેરિકી વિદ્વાન સ્ટીફન કોહેનનું ૨૦૧૩માં પ્રકાશિત પુસ્તક 'શૂટિંગ ફૉર ધ સૅન્ચૂરી : ધ ઈન્ડિયા-પાકિસ્તાન કનન્ડ્રમ'માં ભારત અને પાકિસ્તાન આઝાદીની શતાબ્દી ટાણે એટલે કે ૨૦૪૭માં પણ સામાન્ય સંબંધો અને મૈત્રીપૂર્ણ વ્યવહાર સ્થાપિત નહીં કરી શકે, એવું તારણ કાઢ્યું છે. છેલ્લાં ૭૦ વર્ષથી કાશ્મીર કોકડું ઉકેલાતું નથી એટલે કોહેનની વાત માનવા સૌ કોઈ પ્રેરાય એ સંભવ છે. જોકે, વડા પ્રધાન અટલબિહારી વાજપેયી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલકૃષ્ણ અડવાણીના અંગત રહેલા લબ્ધપ્રતિષ્ઠ લેખક-પત્રકાર સુધીન્દ્ર કુલકર્ણી આ તબક્કે કોહેન સમક્ષ પણ પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ડૉ.રામમનોહર લોહિયાએ પચાસેક વર્ષ પૂર્વે રજૂ કરેલી મહાસંઘ (ફેડરેશન)ની વાત રજૂ કરે છે. બ્રિટિશ ઈન્ડિયામાંથી છૂટા પડેલા આ ત્રણેય દેશો પોતપોતાનું આગવું અસ્તિત્વ જાળવી રાખીને મહાસંઘ તરીકે પારસ્પારિક હિતની ખેવના કરતાં વિકટતા કેળવીને વિશ્વમંચ પર પ્રભાવ પાથરી શકે. વર્તમાન સંજોગોમાં એ અશક્ય લાગે, પણ બેઉ જર્મની એક થયાની કલ્પનાતીત વાત શક્ય બને, તો ભવિષ્યમાં આપણા ત્રણ એકાકાર દેશો થઈ શકે.

- haridesai@gmail.com

### કહેર... ● અનુસંધાન પહેલાનું ચાલું

ઓફિસર ડૉ.ભાવિન સોલંકીના કહેવા અનુસાર,અમદાવાદ શહેરમાં ૧૨ ઓગસ્ટ સુધીમાં સ્વાઈનફલૂના કુલ મળીને ૩૯૦ કેસ નોંધાવા પામ્યા હતા.જે પૈકી ગઈકાલે કુલ ત્રણ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૩૯ ઉપર પહોંચવા પામ્યો હતો. ૧૨ ઓગસ્ટના રોજ અમદાવાદ શહેરમાં કુલ ૧૫૧ લોકો સારવાર હેઠળ હતા.જે પૈકી ૨૦ દર્દીઓને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.આ પૈકી આજે વધુ ચાર લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૪૩ ઉપર પહોંચવા પામ્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં સ્વાઈનફલૂના વધુ ૫૪ જેટલા કેસ અમદાવાદ શહેરમાં નોંધાવા પામ્યા છે.આ સાથે જ અમદાવાદ શહેરમાં ૧૩ દિવસની અંદર સ્વાઈન ફ્લૂના કુલ મળીને ૩૦૦ પોઝેટીવ કેસ નોંધાવા પામ્યા છે. બીજી તરફ કુલ મળીને ૨૪ લોકોના મોત થવા પામ્યા છે.આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં અમદાવાદ શહેરમાં સ્વાઈન ફલૂના કુલ ૪૫૧ જેટલા પોઝેટીવ કેસ નોંધાતા મ્યુનિસિપલ તંત્રની નિષ્ફળતા છતી થવા પામી છે.

### ત્રીજી ટેસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલું

ફોર્મમાં ચાલી રહ્યા નથી તે જોતા ભારતની જીત નિશ્ચિત દેખાઈ રહી છે. અગાઉ ભારતીય ટીમ આજ ટેસ્ટ મેચના બીજા દિવસે ૪૮૭ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

પંડ્યાએ ૯૬ બોલમાં સદી કરી હતી. અન્ય ભારતીય બેટ્સમેનો આજે ફ્લોપ રહ્યા હતા. શ્રીલકા તરફથી સંદાકને સૌથી વધુ પાંચ વિકટ ઝડપી હતી. કોલંબોના સિંઘાલી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં શ્રીલંકા ઉપર એક ઈનિંગ્સ અને ૫૩ રને ભારતે જીત મેળવી હતી. આની સાથે જ ભારતે ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. દુનિયાની નંબર વન ટીમ ભારતે સતત આઠમી શ્રેણી જીતી છે. ૨૦૧૪-૧૫માં ઓસ્ટ્રેલિયાની જમીન પર ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૨-૦થી શ્રેણી ગુમાવી દીધા બાદથી ટીમ ઈન્ડિયાએ કોઈપણ ટેસ્ટ શ્રેણી ગુમાવી નથી. ગોલના મેદાન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે યજમાન શ્રીલંકા પર ૩૦૪ રને ભવ્ય જીત મેળવી હતી. આની સાથે જ ટેસ્ટ શ્રેણીમાં ૧-૦ની મહત્વપૂર્ણ લીડ પણ મેળવી લીધી હતી. મેચના ચોથા દિવસે જ ભારતે આ ટેસ્ટ પોતાના નામ પર કરી હતી.

### સ્વાઈન ફ્લુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં જે ૨૯ કેસ નોંધાયા છે તેમાં ૧૩ હાલ અંદરના દર્દી તરીકે દાખલ છે. ૭ને સાજા થઈ જતા રજા અપાઈ છે. ૯ દર્દીઓના મોત નીપજ્યા છે. અત્યાર સુધીમાં ગાંધીનગરમાં નવ દર્દી નોંધાયા છે, દહેગામમાં પાંચ દર્દી નોંધાયા છે જેમાં ૩ના મોત થયા છે. કલોલમાં ૧૧ દર્દી નોંધાયા છે જેમાં ૩ના મોત થયા છે તો માણસામાં ૪ દર્દી નોંધાયા છે અને ૩ દર્દીના મોત થયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ઓગષ્ટ મહિનામાં જ ૧૬ કેસ નોંધાયા છે જેને લઈ તંત્ર વધુ ચિંતાતુર બન્યુ છે.

ગાંધીનગર શહેરમાં સે. ૬-બીમાંથી એક મહિલા દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. જ્યારે જમિયતપુરામાંથી પણ એક મહિલા દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. બન્ને દર્દીઓ હાલ સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

### સફાઈ ઝુંબેશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભિયાન હાથ ધરાયુ છે. આ માટે વનતંત્ર દ્વારા ફોરેસ્ટ ઓફિસરો તેમજ મજુરોની ટીમ કામે લગાડવામાં આવી છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન ઘણાં ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયા હતા. જયારે હજુ પણ જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે તંત્ર દ્વારા સર્વે હાથ ધરી નમી ગયેલા જોખમી વૃક્ષો પણ દુર કરવામાં આવી રહયા છે. શહેરમાં આંતરિક માર્ગો ઉપરાંત મુખ્યમાર્ગો પર વૃક્ષોની ડાળીઓ નમી પડી છે. જયારે વધી ગયેલી ડાળીઓ અવરોધરૂપ થઈ રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા ટ્રીમીંગનુ અભિયાન હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આગામી દિવાળી સુધીમાં વનઆરક્ષિત જગ્યામાં સંપુર્ણ સફાઈનુ કામ પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.


**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમીટેડ**

garvi Handloom — gurjari

પ્રથમ માળ, હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર.
ફોન નં. : ૦૭૯-૨૩૨૪૧૭૧૨, ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૩૦૭૩૮
ઈ-મેઈલ : contact@gurjari.co.in વેબસાઈટ : www.gurjari.co.in

**કલર પ્રિન્ટ કરવા બાબત**

નિગમની વડી કચેરી ખાતે હાથશાળ અને હસ્તકલા ચીજ વસ્તુઓના કેટલોગની તેમજ અન્ય છ૪ સાઈઝ કાગળની કલર પ્રિન્ટ કરવાની થાય છે. જેની વિગત નીચે મુજબ છે જે માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી તા. ૨૪/૮/૨૦૧૭ સુધીમાં ઓફીસ સમય દરમિયાન ઉપરોક્ત સરનામે બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. સદર ભાવ એક વર્ષ સુધી માન્ય રહેશે. અને ભાવમાં G.S.T. અલગથી બતાવવાનો રહેશે.

૧. A4 સાઈટ મેટ પેપર ૧૭૦ G.S.M. એક પેજનો ભાવ (ડબલ સાઈડ પ્રિન્ટ)
૨. A4 સાઈટ મેટ પેપર ૧૭૦ G.S.M. એક પેજનો ભાવ (સિંગલ સાઈડ પ્રિન્ટ)

માહિતી/૧૩૩૧/૧૭-૧૮ મેનેજીંગ ડીરેક્ટર